તા. ૦૫-૦૬-૨૦૨૫
ગુજરાત સમાચાર પાના નં. ૦૨

# IPLની મેચો મેટ્રોને ફળી : ૯ મેચના દિવસોમાં ૨ કરોડથી વધુની આવક

અમદાવાદ,બુધવાર

આઈપીએલ(ઈન્ડિયન પ્રિમીયર લીગ)ની અમદાવાદમાં રમાયેલી મેચો મેટ્રો રેલને ફળી છે. અમદાવાદમાં રમાયેલી કુલ ૯ મેચોમાં મેટ્રોમાં મુસાફરીથી ટીકિટ રૂપે કુલ ૨ કરોડથી વધુની આવક મેટ્રો રેલ કોર્પોરેશનને થઈ છે.૯ મેચોના દિવસોમાં ૧૫ લાખથી વધુ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી.

## ફાઈનલની મેચમાં જ બે લાખથી વધુ લોકો સાથે કુલ ૧૫ લાખથી વધુ પ્રવાસીઓની મુસાફરી

આઈપીએલની અમદાવાદમાં જુદી જુદી તારીખે રમાયેલી મેચો સાથે કુલ ૯ મેચો રમાઈ હતી. સોપ્રથમ રમાયેલી ૨૫મી માર્ચની મેચમાં ૧૫૯૯૨૩, ૨૯મી માર્ચે ૧૮૩૬૧૮, ૯ એપ્રિલે ૧૭૨૨૪૮, ૧૯ એપ્રિલે ૧૬૫૬૧, બીજી મેએ ૧૯૭૩૮૮, ૨૨મેએ ૧૨૧૪૭૫, ૨૫મી મેએ ૧૪૮૧૯૨,૧લી જુને ૧૪૫૬૫૪ અને ૩ જુને ૨૧૩૩૬૬ મુસાફરોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. ૩ જુને રમાયેલી ફાઈનલ મેચમાં સૌથી વધુ ૨ લાખ કરતા પણ વધારે લોકોએ મુસાફરી કરતા એક જ દિવસમાં ૩૨.૧૨ લાખ રૂપિયાની આવક મેટ્રો રેલ કોર્પોરેશનને થઈ હતી.

ટ્રાફિકમાં ફસાવુ ન પડે અને સમયની પણ બચત થાય તે માટે મોટા ભાગના લોકો મેટ્રોમાં મુસાફરી કરીને જ સ્ટેડિયમ પહોંચતા હોય છે તેમજ મેચના દિવસોમાં મેટ્રોનો સમય પણ અલગ રખાતો હોય છે.જેથી મુસાફરોને સરળતા રહે છે.અમદાવાદમાં રમાયેલી કુલ ૯ મેચોમાં ૧૫ લાખથી વધુ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી અને જના દ્વારા ટીકિટની આવક રૂપે મેટ્રોરેલ કોર્પોરેશનને ૨ કરોડથી વધુની આવક થઈ છે.આમ આઈપીએલની મેચો મેટ્રોને ફળી છે.